પોતાની ફરજનું
નિષ્ઠાપૂર્વક પાલન
એ જ ઇશ્વર પૂજા છે
- સ્વામી વિવેકાનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૯૬ | ૧૫ જૂન ૨૦૧૨, શુક્રવાર, જયેષ્ઠ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# જિલ્લાનાં ૧૨૩ ગામોમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

## ૧૦,૧૪૮ બાળકોએ પ્રવેશ મેળવ્યો, સૌથી વધુ ધો-૮માં ૪૧૧૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો, ૧૦૦ બાળાઓને સાયકલ અપાઈ, ૧૧૨ને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાયા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના ૧૨૩ ગામોમાં આજે શાળા પ્રવેશોત્સવની ઉજવણી ધામધૂમથી કરાઈ હતી. જેમાં ૧૦,૧૪૮ જેટલા બાળકોને શાળાઓમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

આજે પ્રથમ દિવસે શાળા પ્રવેશોત્સવમાં સૌથી વધુ ધો-૮ના બાળકોને પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. જિલ્લામાં ૪૧૧૨ વિદ્યાર્થીઓએ ધો-૮માં પ્રવેશ મેળવ્યો હતો. જયારે ૩૦૬૯ બાળકોએ ધો-૧માં પ્રવેશ મેળવ્યો હતો. ૨૯૬૭ બાળકોએ આંગણવાડીમાં આજે પ્રવેશ મેળવ્યો છે. આજે પ્રથમ દિવસે એકસોથી પણ વધુ કન્યાઓને સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે ૧૧૨ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં આજથી શરૂ થયેલા ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવના પ્રથમ જ દિવસે રૂ. ૧૧,૧૨,૧૧૮ની માતબર રકમનું કામ મળ્યાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

આજે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓમાં ૨૭ બાળકોએ પુનઃ નામાંકન કરાવ્યું છે તેમજ ૧૭ વિકલાંગ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે. આજે સવારથી જ ગ્રામ્ય વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમને લઈ ઉત્સવ જેવો માહોલ જોવા મળતો હતો.

આજના પ્રથમ દિવસે શાળા પ્રવેશોત્સવમાં ૧૦૦ જેટલા મહાનુભાવોએ હાજરી આપી હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લા કલેકટરશ્રી પી. સ્વરૂપે માણસા તાલુકામાં પ્રવેશોત્સવના કાર્યક્રમોમાં હાજરી આપી હતી તો જિલ્લા વિકાસ અધિકારી શ્રી ગાંધીએ દહેગામ તાલુકામાં અને જિલ્લા પોલીસ વડા શ્રીમતિ અર્ચના શિવહરેએ ગાંધીનગર તાલુકામાં હાજરી આપી હતી. આજના પ્રવેશોત્સવના કાર્યક્રમમાં રાજયના ઉચ્ચ અધિકારીઓ શ્રી પનીરવેલ, શ્રી એ.કે. શર્મા, શ્રી એમ.એમ. શ્રીવાસ્તવ, શ્રી રાજીવ ગુપ્તા, શ્રી પ્રદીપ ખન્ના સહિત ૧૦ જેટલા અધિકારીઓ જોડાયા હતા. રાજય શિક્ષણ મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે દહેગામ તાલુકાના શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં હાજરી આપી હતી.

# હાઉસિંગ બોર્ડના પ્રોજેક્ટ માટે હવે ૩.૦ એફએસઆઇ મળશે

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત હાઉસિંગ બોર્ડના



મકાનો માટેની નવી સ્કીમમાં હવે ૩.૦ એફએસઆઇ રાખવાની સરકારે મંજૂરી આપી છે. આ મંજૂરી માત્ર બોર્ડની જમીનના પ્રોજેક્ટ ઉપર મળવાપાત્ર થશે અને તેના માટે કોઈ વધારાનું પ્રિમિયમ ભરવું નહીં પડે.

રાજ્યમાં ગાંધીનગર સહિત અન્ય જિલ્લાઓમાં હાઉસિંગ બોર્ડના મકાનો બનાવવામાં આવેલા છે. જ્યાં સ્કીમો નથી ત્યાં બોર્ડ પાસે જમીનો ઉપલબ્ધ છે. આ જમીનોને ડેવલપ કરવાની વિચારણા થોડાં મહિનાઓ પહેલાં શરૂ કરવામાં આવી હતી. આ જમીનમાં પ્રાઈવેટ ડેવલપર્સને પણ ભાગીદાર બનાવવાની બોર્ડની યોજના છે, કે જેઓ મધ્યમ વર્ગને સત્તા મકાનો આપી શકે.

રાજ્યના શહેરી વિકાસ વિભાગે એક આદેશમાં જણાવ્યું છે કે બોર્ડની જમીનોમાં વસાહતો બાંધવા માટે જે તે શહેર અને નગરના પ્રવર્તમાન જીડીસીઆર મુજબ બાંધકામની વિકાસ મંજૂરી મળવાપાત્ર હોય છે. હાઉસિંગ બોર્ડ આમ જનતાને વધુ આવાસો ઉપલબ્ધ કરાવી શકે તે માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ પ્રાપ્ત થતી સત્તાની રૂએ કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે, જેમાં વિકાસ પરવાનગીમાં સુધારો કરાયો છે.

આ સુધારા પ્રમાણે ગુજરાત હાઉસિંગ બોર્ડની જમીન પર હવે ૩.૦ સુધીની એફએસઆઇ (ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ) મળવાપાત્ર થશે અને તેમાં વધારાનું પ્રિમિયમ ભરવું પડશે નહીં. પ્લોટનું ક્ષેત્રફળ, આકાર થતા રોડ એપ્રોચને ધ્યાને લઈ આ એફએસઆઈની મર્યાદામાં મકાનની ઉંચાઈ વધુમાં વધુ ૭૦ મીટર સુધીની મળી શકશે.

ઉંચાઈ નક્કી કરવા માટે સરકારે એક સમિતિની રચના કરી છે જેમાં શહેરી વિકાસના અગ્રસચિવ, હાઉસિંગના સચિવ, મુખ્ય નગર નિયોજક, હાઉસિંગ કમિશનર અને ખાસ ફરજ પરના અધિકારી-સભ્ય સચિવ રહેશે.



આગામી અષાઢી બીજના રોજ નીકળનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રા માટેની તૈયારીઓનો આરંભ કરી દેવામાં આવ્યો છે. જે રથમાં બેસીને ભગવાન નગર પરિક્રમા કરવાના છે એ રથને સજાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. રથયાત્રા પંચદેવ મંદિર ખાતેથી સવારે ૭ વાગે પ્રસ્થાન કરશે અને પોતાના પરંપરાગત માર્ગો ઉપર દિવસ દરમ્યાન ભ્રમણ કરશે. સામાન્ય નાગરિકો, વેપારીઓ અને રાજકીય અગ્રણીઓ પણ રથયાત્રાના સ્વાગત માટે અત્યારથી જ આયોજનો કરી રહ્યા છે. (તસવીર : દિપક જાની)

# ગુજરાતમાં ૩૦ નવાં નગરો અને ત્રણ મહાનગરોનો સમાવેશ થશે

## વસ્તી ગણતરીના નોટીફિકેશન પછી મુદ્દો હાથ પર લેવાય તેવી શક્યતા:વધેલી વસતીના આધારે ચૂંટણી પહેલાં નિર્ણય લેવાશે

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતમાં નવા ૩૦ નગરો



અને ત્રણ મહાનગરોનો ઉમેરો થશે. એવી શક્યતા જોવામાં આવી રહી છે કે વિધાનસભાની ચૂંટણી પહેલાં રાજ્ય સરકાર ગુજરાતી પ્રજાને આ ગિફ્ટ આપશે. જે ગ્રામ કે નગર પંચાયતની વસતીમાં વધારો થયો છે તે પૈકી આ રચનાનું પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે. પંચાયતમાંથી પાલિકા બનતાં જે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પાલિકા જેવા લાભ મળવાપાત્ર થશે.

ભારતમાં ૨૦૧૧માં થયેલી વસતી ગણતરી પ્રમાણે ૧.૨૧ અબજનો આંકડો આવ્યો છે, જ્યારે ગુજરાતની વસતી ૬.૦૩ કરોડ નોંધાઈ છે. વસતી ગણતરી નિયામક તરફથી લેટેસ્ટ વસતીનું નોટીફિકેશન બહાર પડવાની તૈયારી છે ત્યારે જિલ્લા પ્રમાણેની વસતી ગણતરીનો અભ્યાસ કરી



ગુજરાત સરકાર રાજ્યમાં નગરપાલિકા અને મહાનગર પાલિકાઓની સંખ્યા વધારવાનું વિચારી રહી છે.

જિલ્લાઓ તરફથી આવેલી દરખાસ્તો પ્રમાણે પ્રાથમિક તારણરૂપે રાજ્યમાં નવી ૩૦ નગરપાલિકા અને ત્રણ મહાનગર પાલિકાઓનો ઉમેરો થઈ શકે છે. જો કે વસતીના આધારે જોઈએ તો ગુજરાતમાં ૨૪૦ની આસપાસ પાલિકા થઈ શકે છે પરંતુ કેટલીક ટેકનિકલ બાબતો સામેલ હોવાથી બાકીની સંસ્થાઓનો અભ્યાસ ચાલી રહ્યો છે. એવી જ રીતે મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના પણ કરવાની થાય છે.

હાલ રાજ્યમાં ૧૩૬૯૫ ગ્રામ પંચાયતો છે. ૨૨૩ તાલુકા અને ૨૬ જિલ્લા પંચાયતો છે. એ ઉપરાંત ૧૫૯ નગરપાલિકા અને આઠ મ્યુનિસિપલ કોર્પોરેશન છે.

ભાજપની સરકારે તેના શાસન દરમ્યાન રાજ્યમાં જૂનાગઢ અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશની રચના કરી છે. નવી પાલિકાઓ કઈ બનશે તેના નામની યાદી તૈયાર થઈ છે પણ વસતી ગણતરી નિયામકના આદેશની રાહ જોવામાં આવી રહી છે. ત્રણ પાલિકામાં ઉત્તર ગુજરાતની એક, મધ્ય ગુજરાતમાંથી આણંદ કે ખેડા તેમજ દક્ષિણ અને સૌરાષ્ટ્ર વિસ્તારની બે મળી કુલ પાંચ પૈકી ત્રણનો સમાવેશ શક્ય બને તેમ છે.

## રાજ્યમાં આગામી ૨૪ કલાક દરમ્યાન છૂટાછવાયા વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યમાં આગામી ૨૪ કલાક દરમ્યાન છુટોછવાયો વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી હવામાન પલટાયું છે. દિવસ દરમ્યાન કાળઝાળ ગરમી અને ઉકળાટ થઈ રહ્યો છે અને સાંજ પડે વાદળછાયા વાતાવરણ સાથે વરસાદના ઝાપટા પડે છે.

દિવસ દરમ્યાન ભારે ગરમી પડતા અને સાંજના સમયે વરસાદના ઝાપટા પડતા ભારે ઉકળાટ થવા પામે છે. જેના કારણે નગરજનો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા છે.

રાજ્યના પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સવારે ૭ વાગ્યે પૂરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના ૨૦થી વધુ તાલુકાઓમાં છુટોછવાયો વરસાદ થવા પામ્યો છે. દિવસ દરમ્યાન ગરમી પડે છે અને સાંજ પડે વરસાદના ઝાપટા પડે છે જેના કારણે ડબલ સીઝન જેવું વાતાવરણ સર્જાયું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના કેટલાક વિસ્તારોમાં સાંજના સમયે આગામી ૨૪ કલાક દરમ્યાન છુટોછવાયો હળવાથી ભારે વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

આજે દિવસ દરમ્યાન પણ પાટનગર ગાંધીનગર સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ નોંધાયાના અહેવાલો સાંપડ્યા છે.

# સાણંદ-વિરમગામ હાઈવે પર અકસ્માત : ૨૫નાં કરૂણ મોત

## ગાંધીધામથી ઈન્દોર તરફ જતી ટ્રક વહેલી પરોઢે પલટી ખાઈ જતાં ગમખ્વાર અકસ્માત : ૨૨ ઈજાગ્રસ્તોને વિવિધ હોસ્પિટલોમાં દાખલ કરાયા : ૨૫ પૈકી ૧૦ બાળકોના મોતના સમાચારથી ભારે ચકચાર

અમદાવાદ,તા.૧૪

સાણંદ-વિરમગામ હાઈવ પર આજે વહેલી સવારે ગમખ્વાર અકસ્માતમાં ૧૦ બાળકો સહિત ૨૫ના કરૂણ મોત થયા હતા. હાલમાં સર્જાયેલી સૌથી મોટી માર્ગ દુર્ઘટના પૈકી એક તરીકે આને ગણવામાં આવે છે. આ અકસ્માત થયા બાદ બચાવ અને રાહત કામગરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને તરત જ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તો પૈકી ૨૨ની હાલત ગંભીર જણાવાવમાં આવી છે. જેથી મોતનો આંકડો વધે તેવી દહેશત પ્રવર્તિ રહી છે.

દુર્ઘટનાગ્રસ્ત ટ્રક ગાંધીધામથી ઈન્દોર તરફ જઈ રહી હતી. કોઈ કારણસર આ ટ્રક પલટી ખાઈ જતા આ અકસ્માત સર્જાયો હતો. ટ્રકમાં મીઠાની બોરિયો હોવાના કારણે મોટાભાગના લોકો દટાઈ મર્યા હોવાનું જાણવા મળ્યું છે. તમામ લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા. જેમાં ૧૦ બાળકોનો પણ સમાવેશ થાય છે. જયારે આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા ૨૨ ઈજાગ્રસ્તોને શહેરની વિવિધ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ મામલે સાણંદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીધામથી ઈન્દોર જવા ટ્રક નિકળ્યો હતો. જેમાં ભચાઉ ખાતેથી કેટલાક લોકો બેસ્યા હતા. ત્યાર બાદ ટ્રક વહેલી પરોઢે પાંચ વાગ્યે સાણંદ વિરમ ગામ હાઈવે પર છારોડી ફાટક પાસે કોઈ કારણસર પલટી ખાઈ ગઈ હતી. ટ્રક સ્પિડમાં હોવાથી હવામાં ફંગોળાઈ રોડની બાજુની સાઈડમાં પડી હતી.આ ઘટનામાં બોમ્બ બ્લાસ્ટ થયો હોય તેવો અવાજ આવતા રોડ પરથી અવર-જવર કરતા લોકો થંભી ગયા હતા. ટ્રકમાં ફસાયેલા લોકની બચાવ બચાવની બુમો અને કિકીયારીઓને કારણે સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તાબળતોબ બચાવકામગીરી શરૂ કરી હતી. લોકોએ ટ્રકમાં ફસાયેલા એક પછી એક લોકોને બહાર કાઢી ૧૦૮ મારફતે હોસ્પિટલમાં મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરી હતી.

કેરી માટે અગત્યની જાહેરાત
જુનાગઢની કેસર કેરી તથા હાફુસ કેરીનો
વરસાદ લાગ્યા વિનાનો જૂજ સ્ટોક
૨૦-૬-૨૦૧૨ સુધી દુકાન ચાલુ છે. ૨૧મીથી દુકાન બંધ થશે
૧૮મીને સોમવારે રાબેતા મુજબ દુકાન ચાલુ રહેશે.
રહીમચાચા
રૂપકલા જ્વેલર્સની બાજુમાં, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

ધોરણ-૧૧, આર્ટસ-કોમર્સમાં
પ્રવેશ ચાલુ છે
સે.૨૬, ૨૫, ૨૪, ૨૭, ૧૪, ૧૫ વાલી જોગ
પ્લેગૃપ, કેજી-૧, કેજી-૨, ધો.૧થી ૧૧
વર્ગખંડમાં મર્યાદિત સંખ્યા, વાલીને પોષાય તેવી ફીનું ધોરણ
જયપ્રકાશ વિદ્યાલય
સેક્ટર-૨૬, કોલવડા રોડ, ગાંધીનગર મો. : ૯૪૨૬૦૪૮૪૫૮




લેટેસ્ટ ડીઝાઈનમાં
જીન્સ-કોટન પેન્ટ
3 પેન્ટ ૧૧૯૯/- ૧૪૯૯/- ૧૭૯૯/- ૨૦૯૯/-
શર્ટ અને ટી શર્ટ
3 નંગ ૭૯૯/- ૯૯૯/- ૧૧૯૯/- ૧૪૯૯/-
(Factory Outlet) સમય ૧૦ થી ૮
મુરલીધર
• C/ 7-C/ 8, કોબા એપરલપાર્ક, હોટલ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટની બાજુમાં, કોબા, ગાંધીનગર.
• મુરલીધર, મુરલીધર કોમ્પલેક્ષ, હનુમાનજીના મંદિરની સામે, નહેરૂનગર, આંબાવાડી, અમદાવાદ.
• ૧૬, ન્યુ ગ્રીન માર્કેટ, ખોખરા, અમદાવાદ.